ક્રિ.કે. નં.૧૪૨૪/૨૦૧૬

(૧) આ કામમાં પોલીસ સ્ટેશન દ્વારા આરોપી વિરૂદ્ધ ધી પ્રોહી. એક્ટની કલમ–૬૬(બી), ૬૫(ઈ), ૮૧ મુજબના ગુન્હાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે. આ કામે આરોપી અદાલતમાં હાજર થતાં તેમને પોલીસ તપાસના ચાર્જશીટની નકલો ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે વિના મુલ્યે આપવામાં આવેલ છે. આરોપી તરફે સ્પેશ્યલ સીટીંગ અન્વયે હાજર રહેલા છે અને તેઓ સ્પેશ્યલ સીટીંગ અન્વયે સ્વૈચ્છીક રીતે ગુન્હો કબુલ કરવા માંગતા હોઈ  તેઓ દ્વારા ગુન્હા કબુલાત પુરસીસ આંક–૨ થી રજુ કરેલ છે અને ત્યાર બાદ આરોપીની ચાર્જશીટમાં જણાવેલ ગુન્હા માટે પ્લી/નિવેદન લેતાં તેમાં પણ આરોપીએ ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે.

(૨) સજા બાબતે આરોપીને સાંભળતા આરોપીએ આ તેમનો પ્રથમ ગુન્હો છે. તેમ જણાવેલ છે અને ગુન્હા બદલ પસ્તાવો થાય છે અને ભવિષ્યમાં આ પ્રકારનો ગુન્હો ફરીથી નહીં કરવા ખાત્રી આપે છે અને દયા કરવા જણાવેલ છે. એ.પી.પી.શ્રીએ આરોપીને કાયદા મુજબ થઈ શકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.

(૩) આ કેસની તમામ હકીકતો તથા સંજોગોને તથા આરોપી વિરૂદ્ધના ગુન્હા અંગે થઈ શકતી સજાની જોગવાઈ ધ્યાનમાં લેતા ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરૂં છું.

## – ૦ હુકમ ૦ –

આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ હેઠળ ધી પ્રોહી. એક્ટની કલમ–૬૬(બી), ૬૫(ઈ), ૮૧ ના ગન્હા માટે તકસીરવાન ઠરાવી રૂ.૨૦૦/–(અંકે રૂપિયા બસ્સો પુરા) નો દંડ કરવામાં આવે છે. જો દંડ ના ભરે તો આરોપીને ૦૧ દિવસની સાદી કેદની સજા કરવામાં આવે છે.

મુદ્દામાલનો નાશ કરવો/મુદ્દામાલ વાહન જેને બોન્ડ પર આપેલ છે તેની પાસે રહે તેવો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૧૦મી, માહે–ફેબ્રુઆરી, સને–૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ
તારીખઃ–૧૦/૦૨/૨૦૧૮

(એચ.એન. દેસાઈ)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૪, અમદાવાદ
**(GJ-00738)**